# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રાજકોટમાં સરદારધામના સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , દરેક સમસ્યાનું સમાધાન જ્ઞાનમાં રહેલું છે.**
2. **કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , ભારત રેલવેના ઉપકરણોનો મોટો નિકાસકાર બની રહ્યું છે.**
3. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું , ઑપરેશન સિંદૂરની સફળતામાં સૈન્ય તંત્ર વ્યવસ્થાએ નિર્ણાયક ભૂમિકા ભજવી.**
4. **શ્રાવણ માસના પહેલા સોમવારે શિવ મંદિરોમાં સવારથી ભક્તોની ભારે ભીડ.**
5. **બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણમાં આજે અતિભારે વરસાદની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM RAJKOT SARDARDHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , દરેક સમસ્યાનું સમાધાન એ જ્ઞાનમાં રહેલું છે. તેમણે આગળ વધવાની સાથે કુદરતનું ધ્યાન રાખવા પણ સૌને આગ્રહ કર્યો.

શ્રી પટેલે કહ્યું, લીલું આવરણ વધારવું આ આપણા સૌની જવાબદારી છે. રાજકોટમાં સરદારધામ ખાતે યોજાયેલા મિશન 2026 અંતર્ગત “સંકલ્પ સે સિદ્ધિ કી ઔર – ભૂમિવંદના” સમારોહ કાર્યક્રમને સંબોધતા ગઈકાલે શ્રી પટેલે આ વાત કહી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ યુવાનોને વિકસિત ભારતના માર્ગદર્શક ગણાવ્યા.

---

# ASHWINI VAISHNAV VADODARA

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , ભારત રેલવેના ઉપકરણોનો મોટો નિકાસકાર બની રહ્યું છે.

તેમણે કહ્યું , "મેક ઇન ઇન્ડિયા અને મેક ફૉર ધી વર્લ્ડ" પહેલની અસર ભારતીય રેલવે ઉત્પાદન ક્ષેત્રમાં સ્પષ્ટપણે દેખાય છે. વડોદરાના

સાવલી ખાતે આવેલા અલ્સ્ટોમ કારખાનાની મુલાકાત દરમિયાન શ્રી વૈષ્ણવે આ વાત કહી.

તેમણે ભાર મૂક્યો કે , અનેક દેશમાં રેલવે ઘટકોની નિકાસ એ ભારતમાં નોંધપાત્ર રોજગારીની તકનું સર્જન કરી રહી છે. શ્રી વૈષ્ણવે અત્યાધુનિક ટૅક્નૉલૉજી સાથે ઉત્પાદિત 'નમો ભારત' કોચની આધુનિક ડિઝાઈન અને નિર્માણ ગુણવત્તાની પ્રશંસા કરી.

ઉલ્લેખનીય છે કે, અલ્સ્ટોમ કારખાનામાં ઉત્પાદિત કોચ, લોકોમોટિવ, બોગી, પ્રૉપલ્શન સિસ્ટમ વગેરેની વિશ્વભરમાં નિકાસ કરાય છે.

---

## RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું , ઑપરેશન સિંદૂરની સફળતામાં સૈન્ય તંત્ર વ્યવસ્થાએ નિર્ણાયક ભૂમિકા ભજવી.

ગઈકાલે વડોદરાની ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી સિંઘે આ વાત કહી.

તેમણે કહ્યું, ભારતે ગત 11 વર્ષમાં માળખાગત સુવિધામાં નોંધપાત્ર વિકાસ કર્યો છે અને આ પરિવર્તનનો પાયો પાયાના પરિવર્તન અને મિશન-મોડ પરિયોજનાના માધ્યમથી નાખવામાં આવ્યો છે.

**(BYTE: RAJNATH SINGH)**

શ્રી સિંધે ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયની ભૂમિકાને મહત્વની ગણાવતા કહ્યું, જે ગતિથી યુવાનો દેશને શક્તિ આપી રહ્યા છે તે પ્રશંસનીય છે.

---

# RAJYAPAL AACHARYA DEVVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃત ભાષાને પ્રાચીન ભારતના સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનનો અરીસો ગણાવ્યો.

અમદાવાદમાં પરમપૂજ્ય દિગમ્બર જૈનાચાર્ય , ચતુર્થ પટ્ટાધીશ આચાર્ય શ્રી સુનિલસાગરજી મહામુનિરાજના આધ્યાત્મિક વર્ષાયોગ-2025 મહોત્સવમાં ગઈકાલે રાજ્યપાલશ્રીએ આ વાત કહી.

તેમણે પ્રેરક પ્રવચન કરીને આધ્તાત્મિક મૂલ્યો, સંયમ અને શાશ્વત સિદ્ધાંતોના મહત્વ પર પણ ભાર મૂક્યો. દરમિયાન રાજ્યપાલશ્રીના હસ્તે બ્રાહ્મી લિપિમાં અને પ્રાકૃત ભાષામાં લખાયેલા મહત્વના ધાર્મિક પુસ્તકનું પણ વિમોચન કરાયું.

---

# SOMNATH SHRAVAN

પવિત્ર શ્રાવણ માસના પહેલા સોમવારે આજે સવારથી શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. પ્રથમ જ્યોતિર્લિંગ

સોમનાથ મંદિરના દ્વાર આજે સવારે ચાર વાગ્યે ખોલવામાં આવ્યા. ત્યારે દર્શન માટે ભક્તોની લાંબી કતાર જોવા મળી.

સોમનાથ મહાદેવને દરરોજની જેમ આજે પણ બિલિપત્રનો વિશેષ શણગાર કરાશે. સોમનાથ મંદિરે પગપાળા દૂરથી આવતા ભક્તો માટે સેવાભાવી લોકો દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ , ભક્તોને મુશ્કેલી ન પડે તે માટે 24 કલાક સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

---

## PORBANDAR VIKAS KARYO

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાના અનુદાનમાંથી પોરબંદર લોકસભા વિસ્તારમાં અનેક વિકાસકાર્યો હાલ પ્રગતિમાં છે.

જ્યારે આગામી વર્ષના અનુદાનમાંથી ચાર કરોડ 15 લાખથી વધુની રકમમાંથી 25 જેટલા કામ હાથ ધરાયા છે.

આ અંગે સ્થાનિક ફારૂક સૂર્યાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: FARUQUE SURYA, STHANIK)**

---

# SURAT KAVAD YATRA

સુરતની સૌથી મોટી કાવડ યાત્રા ગઈકાલે ભક્તિમય માહોલમાં યોજાઇ.

સમસ્ત ઝારખંડ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગોડાદરા, નિલગિરિ માર્ગ પર આવેલા શ્રી બાબા વૈદ્યનાથ મહાદેવ મંદિરથી કાવડ યાત્રા યોજાઈ, જેમાં પાંચ હજારથી વધુ યાત્રાળુઓએ ભાગ લીધો.

---

# WEATHER OVERALL

હવામાન વિભાગે આવતીકાલ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે બનાસકાંઠા , સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે.

જ્યારે અમદાવાદ , ગાંધીનગર, વડોદરા, ખેડા, કચ્છ, સુરેન્દ્રનગર, મહીસાગર, પંચમહાલ , દાહોદ, છોટા ઉદેપુર અને આણંદ મધ્યમ વરસાદની આગાહી છે. આ સિવાયના જિલ્લામાં સામાન્ય વરસાદ રહી શકે છે તેમ હવામાન વિભાગની યાદીમાં જણાવાયું છે.

રાજ્યમાં ગઈકાલે અનેક જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો. તેને લઈ ખેડા જિલ્લામાં આજે તમામ આંગણવાડીઓ , પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આજે બંધ રહેશે.

સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું, કોઈ આકસ્મિક ઘટના ન બને તેને ધ્યાનમાં લઈ અને સાવચેતીના ભાગરૂપે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

---

## RAIN OVERALL

રાજ્યભરમાં ગઈકાલથી વરસાદી માહોલ છવાયો છે. ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 182 તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ સાડા 10 ઈંચથી વધુ વરસાદ અમદાવાદના દસ્ક્રોઈ તાલુકામાં નોંધાયો.

તો પાટણના નવ તાલુકા વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ નોધાયો. જિલ્લામાં સૌથી વધુ વરસાદ સિદ્ધપુર , પાટણ અને સરસ્વતી પંથકમાં થયાના અહેવાલ છે.

પંચમહાલના ગોધરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો. જિલ્લામાં ગત 12 કલાકમાં જિલ્લાના તમામ સાત તાલુકામાં થઈ 10 ઈંચ જેટલો વરસાદ વરસ્યો.

પાનમ બંધમાં પાણીની વધુ આવક થતાં બંધનો એક દરવાજો એક મીટર ખૂલ્લો કરી બંધમાં પાણી છોડાયું. પાનમ નદીમાં પાણી છોડાતા પાનમ નદી કિનારાના ગામોને પણ સાવચેત કરાયા.

બનાસકાંઠાના વડગામમાં ગત 24 કલાકમાં સાડા સાત ઇંચ જેટલો વરસાદ થયો. જ્યારે મુખ્યમથક પાલનપુરમાં ચાર ઈંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

ખેડાના મહેમદાવાદમાં સાત ઈંચ જેટલો વરસાદ નોંધાયો. જ્યારે બનાસકાંઠાના ભાભરમાં સવા ત્રણ ઈંચથી વધુ , આણંદના ઉમરેઠમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

સાબરકાંઠાના પ્રાંતિજ, સલાલ અને હિંમતનગર વિસ્તારમાં ડાંગરનું મોટાપાયે વાવેતર થાય છે. હવે વિસ્તારમાં બાસમતી ડાંગરનું વાવેતર શરૂ કરાયું છે.

ડાંગ જિલ્લાની અંબિકા , પૂર્ણા ,ખાપરી અને ગિરા નદીમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે.જિલ્લાના છ જેટલા મુખ્ય માર્ગ પર ઓવર ટોપિંગને કારણે માર્ગ બંધ કરાયા છે.

જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આહવા માં 3 ઇંચ, વઘઇમાં 4 ઇંચ, સુબીરમાં 3.6 ઇંચ, સાપુતારામાં 2 ઇંચ વરસાદ નોંધાયો છે.